# ડેટા સાયન્ટિસ્ટ

ડેટા સાયન્ટિસ્ટ પ્રાથમિક રીતે સંસ્થાને નિર્ણય લેવામાં મદદ કરવા માટે ડેટા એકત્રિત કરે છે, તેનું વિશ્લેષણ કરે છે અને તેનું અર્થઘટન કરે છે. આ પ્રક્રિયામાં તેઓ અદ્યતન વિશ્લેષણ તકનીકો જેવી કે કમ્પ્યુટર પ્રોગ્રામિંગ, ગાણિતિક મોડેલિંગ વગેરેનો ઉપયોગ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટર પર કામ કરવામાં કુશળ છો
- તમે સંખ્યા સાથે કામ કરવાનું પસંદ કરો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે વ્યવહારુ વ્યક્તિ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૫,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ** - તમે એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ પસંદ કરી શકો છો જેમ કે ઇન્ડસઇન્ડ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ, બાબા ગુરબચન સિંઘ શિષ્યવૃત્તિ યોજના, સેમસંગ સ્ટાર સ્કોલર પ્રોગ્રામ ૨૦૨૨, શિષ્યવૃત્તિ માટેની કેન્દ્રીય ક્ષેત્ર યોજના, જે.એસ.પી.એન. શિષ્યવૃત્તિ ૨૦૨૨ વગેરે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. કમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન સિસ્ટમમાં સ્નાતક (B.Tech/BE/BSc/BCA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Tech/ME/MSc/MCA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

ગણિત/આંકડાશાસ્ત્રમાં સ્નાતક (BSc)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ, તે જ વિષયમાં અનુસ્નાતક (MSc) ની ડિગ્રી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ડેટા સાયન્ટિસ્ટનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૨૯,૦૦૦ થી ૧,૬૭,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Data_Scientist/Salary

## તમે ક્યાં કામ કરશો?

કાર્યસ્થળ : તમે ટેક સ્ટાર્ટઅપ્સ, સરકારી એજન્સીઓ, મોટી કંપનીઓ અને સંશોધન સંસ્થાઓમાં કામ કરી શકો છો.

કાર્યસ્થળનું વાતાવરણ: કામકાજનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

ઉદ્યોગ સાહસિકતા: આ ક્ષેત્રમાં તમે તમારું પોતાનું સ્ટાર્ટ અપ શરૂ કરી શકો છો અથવા ફ્રીલાન્સિંગ સેવાઓ પણ આપી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર ડેટા સાયન્ટિસ્ટ → ડેટા સાયન્ટિસ્ટ → સિનિયર ડેટા સાયન્ટિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડેટા સાયન્ટિસ્ટ, ડેટા, ડેટા એનાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૨. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, રાજકોટ
૩. એમએસયુ, વડોદરા
૪. અય્યા નાદર જાનકી અમ્મલ કોલેજ, તમિલનાડુ
૫. આત્મારામ સનાતન ધર્મ કોલેજ, નવી દિલ્હી
૬. ભાસ્કરાચાર્ય કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, નવી દિલ્હી
૭. કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ (આઈ.એચ.આર.ડી.), કેરળ
૮. ઈસ્ટ કલકત્તા ગર્લ્સ કોલેજ, કોલકાતા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પીડીઈયુ, ગાંધીનગર
૨. એ.ડી. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગુજરાત
૩. એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદ
૪. મારવાડી યુનિવર્સિટી, રાજકોટ
૫. સેપ્ટ, અમદાવાદ
૬. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ચેન્નાઈ
૭. આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર કોલેજ, કોલકાતા
૮. બાપટલા એન્જિનિયરીંગ કોલેજ, આંધ્રપ્રદેશ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://nptel.ac.in/courses/110106072
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અમરજીત કૌર** અગિયાર વર્ષથી વધુનો અનુભવ ધરાવતા સંશોધન વૈજ્ઞાનિક છે. તે હાલમાં રિલાયન્સ જીઓમાં વરિષ્ઠ ડેટા સાયન્સ મેનેજર તરીકે કામ કરે છે. તેણીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં વિશેષતા સાથે કમ્પ્યુટર સાયન્સ અને ટેકનોલોજીમાં પી.એચ.ડી. કર્યું છે. તેણી મર્યાદાઓની સીમાઓને તોડવા માંગે છે જેથી વધુ મહિલાઓ સ્ટેમ ક્ષેત્રમાં કારકિર્દી અપનાવવા માટે પ્રેરિત થાય.*

સ્રોત: https://indiaai.gov.iNArticle/amarjeet-kaur-sr-data-science-manager-reliance-jio

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.